
## ‘રોબોટ’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **‘રોબોટ’**. તમારી મૌલિક કૃતિ અમને 5-09-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો. Email:sannari@gujaratmitra.in - સંપાદક

**‘મુરલી’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો**



### મુરલી મલ્હાર

પરબ્રહ્મનો અનંત નાદ
પ્રેમનો પ્રતિસાદ
ગૂંજે છે સકળ સૃષ્ટિમાં.
ઉછળે છે અંગ અંગ ઉમંગ
અંતરનો સંગ અનંતનો રંગ
માધવનું મધમીઠું
બીજું નામ
‘હું બેઠો છું’નું અભય વચન
‘યુદ્ધાય કૃત નિશ્ચય’નું બળ
‘મા શુચ:’ ની હૈયા ધરપત
વહેતું વાયુમંડળમાં
માધવનો મલ્હાર મુરલીમાં
**- શિવપ્રિયા શુકલ (સુરત)**

### મુરલીની માયા

મોહનની માયામાં, રાધાજી રિસાયાં,
વૃંદાવનની ગલીઓમાં, મોરપીંછ ભીંજાયું,
મુરતની ઘેલી , મીરાંની યાદમાં,
યમુનાની ઘાટે કનૈયો મુરલી વગાડે...
મથુરાની જેલમાં, ખીલેલો માધવ,
ગોકુળનો ગોવાળિયો, વાંસળી વગાડનાર,
મમતાની છાયામાં, દેવકીની ઝંખનામાં,
યમુનાની ઘાટે કનૈયો મુરલી વગાડે...
સુદામાનો મિત્ર, દ્વારિકાનો નાથ,
રાજા રણછોડ, રુક્મિણીનો શ્યામ,
મહાભારત રચનાર, અર્જુનનો સારથિ,
યમુનાની ઘાટે કનૈયો મુરલી વગાડે...
**- દૃષ્ટિ ઠુંમર**

### હે કાન્હા! મુરલી તારી બનવા માંગું!

હે કાન્હા! ચાહું છું
તારી જ વાણી, એટલે પકડી મેં મુરલી તારી!
મુરલી તારી બનવા માંગું,
તારા અધર પર રહી, બજવા માંગું!
ગીત તારું બનવા માંગું,
તારા અધર પર રહી, ગીત ગીતાનું ગાવા માંગું!
વાંસ સમી પોકળ બની, વીંધાવા માંગું,
વાયુના સંગાથમાં, વ્યાપક થવા માંગું!
તારા સૂરોથી, સજવા માંગું,
સંગીત બની, ઝૂમવા માંગું!
ભાવ થકી ભક્તિમાં ભીંજાવા માંગું,
તારા જ રંગે, રંગાવા માંગું!
તારી આંગળીનો સ્પર્શ માંગું,
હે કાન્હા! મુરલી તારી બનવા માંગું!
**- ડૉ. રાજલ સુખીયાજી ચલિયાવાળા (ફ્રાન્સ)**

### મુરલી

મેં આંખો બંધ કરી,
કૃષ્ણનું સ્મરણ કર્યું તો-
મારી આંખો વડે મુરલીનો મધુર સ્વાદ
માણ્યો!
* * *
કાગળ પર લખ્યું કૃષ્ણનું નામ,
સંભળાયો ‘મુરલી’નો
મધુર સૂર...!
**- કિશોર આર. ટંડેલ (નવસારી)**

### કુંજગલીમાં ગુંજે મુરલી ગાન



મુરલીનો જાદુ અનેરો, વસે એમાં પરમ પ્રેમધામ,
કાનુડાના સૂર સાંભળી, હરખાય એમાં સૌના હામ.
સાંભળી પંખી રેલાવે, મધુરાં ગીતો લાગે સૌને પ્રણામ,
મધુરા સૂરો ફેલાવે નવ સુગંધ ધરા પર સારું પરિણામ.
શોભે શિરે મોરપિચ્છ, ને હાથમાં વંશીનો જામ,
કુંજગલી વૃંદાવનની હરખાઈ આખું વ્રજધામ.
દુ:ખદર્દ ભૂલી ગલી ગલી, ગોપીઓ દોડે ગામોગ
પાવન યમુના ચરણપખાળી, હરિ જગાવે હૈયામાં
‘યોગી’ કૃષ્ણપ્રેમની લહેરથી, ઘેલું ગોકુળ મથુરા ધામ,
રાધાનું મન મંદિર મહેકે, સાંભળી મીઠામધુરા સૂરગાન.
**- યોગેન્દ્ર પટેલ (સુરત)**



### મુરલીનો નાદ

મુરલીનો નાદ સુણી મન મારું મોહાયું,
કાન્હાના પ્રેમમાં આ ચિત્ત મારું ખોવાયું.
યમુનાના તીરે ને ગોકુળિયા ગામમાં,
રેલાય એના મીઠા સૂર આખા વ્યોમમાં.
સાંભળી સૂરો એના ગોપીઓ ઘેલી થાય,ને સંસારના સર્વે બંધન ભૂલી જાય. છે આ કાષ્ઠની નળી પણ ભાગ્ય એનું અનોખું,
કૃષ્ણના હોઠોનો સ્પર્શ મળે એને ચોખ્ખો. શ્વાસ પૂરે કાનુડો ને સૂર એના નીકળે,
હૃદયના ઊંડાણ સુધી ભાવ બધા પીગળે. વાગે જ્યારે મુરલી ત્યારે સૃષ્ટિ થમી જાય,
પશુ, પક્ષી, માનવ સૌ પ્રેમમાં લીન થઈ જાય. નથી એ ફક્ત વાંસળી,
એ છે ભક્તિનો નાદ,
જેમાં છુપાયો છે મારા
કાન્હાનો અમર પ્રેમ-પ્રસાદ.
**- બિરાલી ઠોરિયા (મોરબી)**

### બંસરી

ગોકુલઅષ્ટમીના
મેળામાંથી છોકરો
બંસરી ખરીદી
લાવ્યો, ઘર બની
ગયું વૃંદાવન
છોકરો શ્રીકૃષ્ણ!
**
● મેં કાગળ ઉપર
‘બંસરી’નું ચિત્ર દોર્યું
ત્યાં તો
હાજરાહજૂર
શ્રીકૃષ્ણના હાથમાં
દોરેલી બંસરી.
બંસરીનો નાદ સૂણી
બની ગયો
ભાવવિભોર જેમ
રાધા બની હતી
તેમ જ!
**- રમેશ પટેલ [સુરત]**

### હોઠનો સ્પર્શ છે મુરલી

એક સાવ સૂકો વાંસ
અને છાતી પર વીંધાયેલાં સાત કાણાં.
કોઇએ પૂછ્યું,
આટલી પીડા પછી પણ તું આટલું મધુર કઈ
રીતે ગાઈ શકે છે?
મુરલીએ હળવેથી કહ્યું,
હું ક્યાં ગાઉ છું?
આ તો એના હોઠનો સ્પર્શ છે
અને એના શ્વાસની હૂંફ.
ભીતરથી તો હું સાવ ખાલીખમ છું.
જ્યારે એ શ્યામ રંગની આંગળીઓ
મારા જખ્મો પર ફરે છે,
ત્યારે પીડામાંથી જન્મે છે એક એવો સૂર
જે યમુનાના વહેણને થંભાવી દે છે
અને રાધાના હૃદયને બાવરું કરે છે.
મુરલી હોવું એટલે બીજું કાંઈ નહીં,
પોતાની જાતને સંપૂર્ણ મિટાવી દેવી,
માત્ર એના શ્વાસનો રસ્તો બનવા માટે.
- કે ડી સેદાણી (અમદાવાદ)